Bhakta Kavi Narsinh Mehta University
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
Website : http://www.bknmu.edu.in Email : info@bknmu.edu.in

**પરિપત્ર :-**

**વિષય : આગામી સપ્ટેમ્બર – ૨૦૨૦ માં પરીક્ષા યોજાનાર F.Y.M.B.B.S કોર્ષના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન મેડિકલ કોલેજના ડીનશ્રી અને પ્રોફેસરોશ્રી તેમજ સંબધિત વિદ્યાર્થીઓને જણાવવાનું કે **સપ્ટેમ્બર - ૨૦૨૦** માં પરીક્ષા યોજાનાર F.Y.M.B.B.S. કોર્ષનાં વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી ની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે જેની સર્વે સબંધીતોએ નોંધ લેવી.

| કોર્ષ નુ નામ | રેગ્યુલર ફી | લેઇટ ફી | દંડાત્મક ફી |
|---|---|---|---|
| F.Y.M.B.B.S. (રેગ્યુલર) | [રેગ્યુલર ફી = ૪૯૫૦ ] તા. ૨૭-૦૮-૨૦૨૦ થી તા. ૦૭-૦૯-૨૦૨૦ | [ફી + ૪૯૫૦] તા. ૦૮-૦૯-૨૦૨૦ થી તા. ૧૦-૦૯-૨૦૨૦ | [ફી + ૪૯૫૦ + ૧૫૦૦] તા. ૧૧-૦૯-૨૦૨૦ થી તા. ૧૨-૦૯-૨૦૨૦ |

સોફટવેરમાં ઓનલાઇન એન્ટ્રી કર્યા બાદ જરૂરી સુધારો નિયત સમય-મર્યાદામાં કરવાનો રહેશે. છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફટવેર સ્વીકારશે નહીં જેની નોંધ લેવી તેમજ દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીના પરીક્ષા ફોર્મ ભરવાના બાકી રહી ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી ખાતેથી ભરવાનાં રહેશે.

<u>નોંધ :-</u> ૧. દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ બાદ દિવસ ૨(બે)માં ફી મેમો, ચેકલિસ્ટ, તેમજ પરીક્ષા ફી ભર્યાની રસીદ પરીક્ષા વિભાગ માં જમા કરાવવાની રહેશે ત્યારબાદ લેઇટ આવનાર કોલેજ પાસેથી યુનિવર્સિટી દ્વારા નિયમોનુસાર ફી લેવામા આવશે તથા પરીક્ષા ફોર્મ ફી **<u>"રજીસ્ટ્રાર, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ"</u>** ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

૨. જે વિદ્યાર્થીઓની ટર્મ ગ્રાન્ટ ન થતી હોય તેમજ પરીક્ષામાં બેસવા માટે ગેરલાયક થતા હોય તેવા વિદ્યાર્થીઓની એક યાદી કોલેજ લેટર પેડ પર આચાર્યશ્રીની સહી સાથે પરીક્ષા શરૂ થવાના બે સપ્તાહ પૂર્વે અચુક થી મોકલી આપવી જેથી તેમની લેવાનાર થીયરી પરીક્ષા રદબાતલ થશે. આ અંગે સઘળી જવાબદારી કોલેજની રહેશે. હાલ જે પરીક્ષાના ફોર્મ ભરવામાં આવનાર છે તે માત્ર વ્યવસ્થાના ભાગરૂપે કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી રહી છે.

<u>ખાસ નોંધ :-</u> **૧. પ્રથમ વર્ષ પરીક્ષાના ફોર્મ સાથે વિદ્યાર્થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના હોય તો ફાઇનલ એલીજીબીલીટી સર્ટી સામેલ રાખવું.**

**૨. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી.**

**૩. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે.**

**૪. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડ માં સાચવીને રાખવાં જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.**

**પરીક્ષા નિયામક**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૬૩૨/૨૦૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૨૫/૦૮/૨૦૨૦

**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન મેડિકલ કોલેજના ડીનશ્રી તરફ....
**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે )